# સેમસ્ટર - ૩

## જાતિ, શાળા અને સમાજ

### 1.0 એતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અને વર્તમાન સ્થિતિમાં ભારતીય સ્ત્રીની ભૂમિકા

ડૉ.જગદીશભાઈ આર મહિડા

---

⇨ ભારત સોને કી ચિડિયાં ધરાવતો દેશ કારણ : આપણો દેશ સભ્યતા, સંસ્કૃતિ, કલા, સાહિત્ય અને શિક્ષણમાં વિશ્વભરમાં જાણીતો છે.

⇨ સમાજમાં વર્ષોથી આધાર સ્તંભ ગણાતા રથના પૈડાં સમાન સ્ત્રી - પુરુષમાં શિક્ષણ પ્રાપ્તિમાં સ્ત્રીઓનું ઉતરતું સ્થાન

⇨ આદિકાળથી પુરુષ પ્રધાન સમાજ

⇨ વર્ષો પહેલાં સ્ત્રીને શક્તિ તરીકે ઓળખવામાં આવતી. સ્ત્રી પુરુષની પ્રેરણામૂર્તિ ગણાતી.

⇨ બંનેની ભાગીદારી – છતાં સ્ત્રીની ભાગીદારી વધુ છે. કારણ કે તે એક માતા છે.

⇨ મનુષ્યને પોતાના ગર્ભમાં ધારણ કરીને માનવ સંસાધન પૂરું પાડવાનું ઉમદા કાર્ય સ્ત્રી કરે છે.

⇨ વિશ્વમાં નારીવાદી ઘણાં આંદોલનો થયાં અને શમી પણ ગયા એના કેન્દ્રમાં નારીને થતા અન્યાયો

⇨ આજે નારીના પરંપરાગત દરજ્જામાં ઘણો બદલાવ આવેલો જોવા મળે છે. પરંતુ બીજી બાજુ દુનિયાના કેટલાક એવા પણ દેશો છે કે જ્યાં નારીચેતના કે નારીવાદ પાછળ જે કાર્ય થવું જોઈએ તેવું થયું નથી. આજે પણ સ્ત્રી ભુતકાળમાં જે સ્થિતિમાં હતી તે ત્યાં જ છે.

⇨ દિનપ્રતિદિન આપણે જોઈએ છીએ કે હજુ પણ વિવિધ માધ્યમો દ્વારા સ્ત્રીઓની સ્થિતિમાં ખાસ બદલાવ આવેલ નથી.

⇨ આજે સમાજમાં સ્ત્રીઓની ભૂમિકા અલગ અલગ પ્રકારની છે.

⇨ સમાજમાં જુદા જુદા જૂથોની વ્યક્તિઓ અલગ અલગ હોદ્દો અને સ્થાન પ્રાપ્ત કરતા હોય છે. અને એ હોદ્દો અને સ્થાનને ધ્યાનમાં રાખી વર્તન કે વ્યવહાર કરે છે. અથવા તો જૂથના સભ્યો તેની પાસે કોઈ ચોક્કસ કાર્ય, અપેક્ષા કે વર્તનની અપેક્ષા રાખતા હોય છે. આ અપેક્ષાઓ અનુસાર વ્યક્તિ વર્તન કરે તે વ્યક્તિની ભૂમિકા છે.

⇨ ભૂમિકા એટલે કે વ્યક્તિના દરજ્જાનું વર્તનાત્મક પાસું

⇨ સમાજમાં વ્યક્તિ જેટલા દરજ્જા ભોગવતી હોય તે મુજબ તેની ભૂમિકા જોવા મળે છે. એ અનુસાર તે ભૂમિકા ભજવે છે.

⇨ દા.ત. કુટુંબમાં મમ્મી, પપ્પા,દાદા, દાદી, ભાઈ કે બહેન અંગે આપણા મનમાં ચોક્કસ ખ્યાલો બંધાયેલા છે અને તે અનુસાર કુટુંબ કે પરિવારના લોકો તેમની પાસે તેવા વર્તનની અપેક્ષા રાખે છે.

⇨ વ્યક્તિની માતા પિતા સાથે, ભાઈ બહેન સાથે અલગ અલગ ક્રિયા કે વર્તન કરીને પોતાની ભૂમિકા અદા કરે છે. આમ, વ્યક્તિ અનુસાર તેની ભૂમિકા જોવા મળે છે.

⇨ દરેક વ્યક્તિની અલગ અલગ ભૂમિકા રહેલી છે.

⇨ વ્યક્તિ કોઈ અન્ય જૂથમાં કર્મચારી હોય તો ત્યાં તેની ભૂમિકા અલગ જોવા મળે છે. સમાજમાં હોય તો ત્યાં પણ અલગ જોવા મળે છે.

⇨ ભૂમિકા એટલે વ્યક્તિના દરજ્જા સાથે સંકળાયેલી એક વર્તનની રીતભાત છે.

- ⇨ ફરજો અદા કરવાની રીત છે.
- ⇨ બે વ્યક્તિ વચ્ચેના સંબંધો સૂચવે છે. દા.ત. પતિ પત્ની , શિક્ષક અને વિદ્યાર્થી , દુકાનદાર અને ગ્રાહક, માલિક અને નોકર
- ⇨ જાતિગત ભૂમિકા આજે જોવા મળે છે. એને ઉદ્દભવ કરવામાં કુટુંબ, જ્ઞાતિ, ધર્મ, સંસ્કૃતિ, શાળા અને માધ્યમો છે.
- ⇨ આ તમામ તેની ભૂમિકા કેળવવા માટે સજાગ રહે છે. આમ થાય આમ ન થાય
- ⇨ એટલે સમાજમાં સ્ત્રી પણ જુદા જુદા સમયમાં તેને શીખવામાં આવેલી ભૂમિકા અદા કરતી જોવા મળે છે.
- ⇨ આજે સ્ત્રીઓનો દરજ્જો સમય અનુસાર બદલાઈ ગયો છે. ઐતહાસિક કાળક્રમ અનુસાર જોવા જઈએ તો વેદિકકાળથી આધુનિક કાળ સુધી નારીનો દરજ્જો બદલાતો આવ્યો છે. નગર અને ગ્રામીણ, આદીવાસી સમાજ, વર્ગ, ધર્મ, આર્થિક - સામાજીક વર્ગ, જ્ઞાતિ અને પ્રાદશિક ભિન્નતાના કારણે સ્ત્રી અને પુરૂષના દરજ્જામાં તફાવત જોવા મળે છે.

વૈદિક યુગ( ઈ.સ. પૂર્વે. ૧૫૦૦ થી ૧૦૦૦)

- ⇨ વૈદિક યુગમાં સ્ત્રી સશક્તિકરણ અંગેના પુરાવાઓ જોવા મળે છે. આ સમયગાળામાં સ્ત્રી અને પુરુષ સમાન દરજ્જો ભોગવતા હતા.
- ⇨ સ્ત્રીઓનું કાર્ય માત્ર જન્મ આપનારી, ઘર સંભાળનારી ન હતી પરંતુ તે પુરુષ સમકક્ષ દરજ્જો ભોગવી શકતી. જે વૈદિક યુગના સાહિત્યિક લખાણોમાંથી મળી આવે છે.
- ⇨ સ્ત્રી ઉપનયન ધારણ કરવાનો અધિકાર ભોગવી શકતી, યજ્ઞોમાં બેસતી
- ⇨ મહર્ષિ પતંજલિ અને કાત્યાયાનના મતાનુસાર વૈદિક યુગમાં સ્ત્રી શિક્ષિત હતી. અપાલા , ઘોષા, ગાર્ગી, ઈન્દ્રણી, સાવિત્રી અને અત્રેયી --- સમાજમાં મોભાદાર જીવન જીવતી હતી.
- ⇨ કેટલીક જગ્યાએ પુત્રની પાછળ માતાનું સ્થાન (સત્યકામ <u>જાબાલી</u> - માતાનું નામ )
- ⇨ સ્ત્રી ગુહસ્વામીની તરીકે ઓળખાતી, સ્ત્રી વિના યજ્ઞ અધૂરો રહેતો , યજ્ઞ જેવા કાર્યોમાં સ્ત્રી અગ્રેસર રહેતી
- ⇨ (રામાયણમાં સીતાની ગે.હા.માં સીતાની મૂર્તિ મૂકીને રામ યજ્ઞ કરે છે. જે સ્ત્રીની ઉપસ્થિતિ દર્શાવે છે. દશરથના યુદ્ધમાં કૈકેયીની ઉપસ્થિતિ
- ⇨ લગ્નમાં પૂરી સ્વતંત્રતા હતી, બાળલગ્ન નહીં પરંતુ સ્વયંવર પ્રથા પ્રચલિત
- ⇨ નારી અવિવાહિત રહી શકતી. વિધવા પુનઃ લગ્ન કરી શકતી, તેઓની સ્થિતિ સારી હતી, સતી પ્રથાનો ઉલ્લેખ આ સમયમાં જોવા મળતો નથી.
- ⇨ સ્ત્રી જાહેર જીવનમાં ભાગ લઈ શકતી, પડદા પ્રથા ન હતી.
- ⇨ શિક્ષણ મેળવવામાં, આર્થિક ઉપાર્જનમાં, યુદ્ધોમાં ભાગ લેવામાં, --- પુરુષ સમોવડી હતી.
- ⇨ ખરાબ પ્રથા એ હતી કે પુરુષ સ્ત્રીને જુગારમાં દાવમાં મૂકતો હતો. છતાં સ્ત્રી પુરુષ બંનેનો દરજ્જો સમાન હતો, સમગ્ર સમુદાય તેનો આદર કરતો, રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓમાં તેને સ્વતંત્રતા અપાતી.

ઉત્તર વૈદિક યુગ( ઈ.સ. પૂર્વે. ૧૦૦૦ થી ૫૦૦)

- ⇨ પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા સમાજમાં દઢ થવા લાગી. છતાં કેટલીક સ્થાને સ્ત્રીઓ સાથે સન્માનીય વ્યવહાર

- ⇨ પુત્ર દ્વારા પિતાનો વારસો, ધર્મનું વહન કરે તેવી માન્યતા( બંનેમાં સમાનતા, પતિની પસંદગી, ઉછેર , અપરિણીત પણ રહી શકતી. (પરિણિતાને અર્ધાંગની કે સહધર્મચારિણી --- જીવન જીવવા માટે સ્ત્રીની આવશ્યકતા
- ⇨ વૈદિકયુગની સરખામણીમાં ઉત્તરવેદકાલીન સમયગાળામાં સ્ત્રીઓની સ્થિતિમાં આમૂલ પરિવર્તન આવ્યું. આ સમયમાં આર્યોનું વિસ્તરણ થયું------------અનેક પ્રજાઓના સંપર્કમાં આવ્યા, સંઘર્ષમાં આવ્યા, આર્યો દૂરદૂરના વિસ્તારમાં ટોળીઓમાં રહેવા લાગ્યા. સ્થાનિકો સાથે સંઘર્ષ થયા.
- ⇨ આંતરિક વૈવિધ્ય પ્રમાણે પ્રદેશવાદ વધવા લાગ્યો.
- ⇨ ઉત્તર વેદકાલીન સમયમાં આર્યોનું વિસ્તરણ – વ્યાપક સ્થળે સ્થાયી થયા, અનેક સ્થાનિક પ્રજાઓના સંપર્કમાં – યુદ્ધો – સંઘર્ષનું પ્રમાણ વધવાથી સ્ત્રીઓનો દરજ્જો ભયમાં મૂકાયો.
- ⇨ અથર્વવેદના ઉલ્લેખ મુજબ સ્ત્રીના જન્મને દુઃખદાયી માનવામાં આવતું. સ્ત્રીની સરખામણી મદિરા સાથે કરાતી, મુત્યુ પછી ધાર્મિક ક્રિયાઓ, મોક્ષ પ્રાપ્તિમાં પુત્ર જન્મની આવશ્યકતા એવી માનસિકતા
- ⇨ મહિલાઓનો ઉપનયન અધિકાર ઓછો થવા લાગ્યો. ધર્મ અને યુદ્ધમાં પુરુષની જરૂરિયાત વધવા લાગી
- ⇨ મનુસ્મૃતિથી સ્ત્રીના સ્થાનમાં પતનની શરૂઆત થઈ હોવાનું મનાય છે. ( જેમાં સ્ત્રીને એક બાજુ દેવી તો બીજી બાજુ દાસી તરીકે વર્ણવી છે.
- ⇨ આ સમયમાં કજોડા લગ્ન (ઉંમર બાબત) સ્ત્રી માટે ખુલ્લાપણું ઘટ્યું / ચાર દિવાલો, વધુ ગૃહસ્થ બનાવાઈ, કાર્યની વહેંચણી તેની ક્ષમતાને ધ્યાનમાં રાખીને કરાતી.
- ⇨ મધ્યકાલીન યુગ( ઈ.સ. ૬૦૦ થી ૧૬૦૦) એટલે કે ૬ સદીમાં ભારતમાં મોગલોની એન્ટ્રી , વિધર્મીઓની આક્રમકતા , સત્તા લાલસા જેવા કેટલાક કારણોસર તેની અસર સ્ત્રીઓ પર
- ⇨ વિધર્મીઓની નજરથી બચવા, બચાવવા , આ સમયમાં આદર્શ ધર્મ પતિવ્રતા બની રહેવાનો હતો.
- ⇨ મુસ્લિમ સત્તાના ફેલાવાના કારણે સમાજમાં પડદાપ્રથા, હિન્દુ સ્ત્રીઓ ઘુમટો અને મુસ્લિમ બુરખો પહેરતી
- ⇨ પર પુરુષ જ નહીં , આજુબાજુ કોઈ પણ પુરુષના સંપર્કમાં ન આવે -- એટલી દબાણમાં, એટલે સ્ત્રી સાપનો ભારો, તેના જન્મને જ વાંધા જનક ગણાયો.
- ⇨ શિક્ષણથી પર, બાળપણમાં જ લગ્ન, પરિણામે કજોડા, વિધવા
- ⇨ પતિનુ મૃત્યુ થતાં સ્ત્રી એ નરકની ખાણ ગણાવા લાગી, જેમાંથી સતીપ્રથા, ધર્મના નેજા હેઠળ દાસીપ્રથા , કેટલાક વિસ્તારમાં જૌહર કરવામાં આવતા.
- ⇨ બહુપત્ની પ્રથા, દેવદાસીઓનું શોષણ
- ⇨ માટે દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ, તેનો જન્મ એટલે અમંગળના એંધાણ- માન્યતા સમાજમાં પ્રબળ બની. આ સમયગાળામાં ભારતીય મહિલાઓની સ્થિતિ કંગાળ / આ યુગને અંધકાર યુગ કહેવાતો. છતાં કેટલાંક સ્થાનોએ તેમાં હકારાત્મક અસરો જોવા મળે છે.
- ⇨ દિલ્હીની ગાદી પર શાસન કરનારી રઝિયા સુલ્તાના

⇨ શિવાજીની માતા જીજાબાઈ, અકબરના સેનાપતિ મોતને ભેટતા પહેલાં રાણી દુર્ગાવતીએ પંદર વર્ષ શાસન કરેલ

⇨ મુઘલો સામે ચાંદબીબીએ અહમદનગરની રક્ષા કરેલી

⇨ જહાંગીરની પત્ની નુરજહાં, મીરાંબાઈ

બ્રિટિશ શાસન દરમિયાન જાતિ વિષયક દરજ્જો:

વચ્ચેના સમયમાં જે જડતા હતી તે દૂર થઈ/ નવા પ્રાણ સંચાર થયા.( રાજા રામમોહનરાય, એની બેસન્ટ)સમાજ સુધારકો દ્વારા વિધવા વિવાહ, પુનઃલગ્ન, બાળલગ્નનો વિરોધ, સ્ત્રી શિક્ષણનો સ્વીકાર, દૂધપીતીનો વિરોધ, પરદાપ્રથા નાબૂદી, સતીપ્રથાનો વિરોધ

※ <u>વર્તમાન સમયગાળામાં સ્ત્રીઓની ભૂમિકા:</u>

⇨ વિજ્ઞાન તક્નિકી, શિક્ષણના પ્રચાર અને પ્રસારના કારણે ભારતીય વિચારકોના વિચારોમાં બદલાવ/ કરવટ બદલાઈ/ સમાજ સુધારકોનું યોગદાન

⇨ ઈ.સ.૧૯૨૯માં હરિવિલાસ શારદાના પ્રયાસથી બાળલગ્ન અટકાવવાનો કાયદો પસાર થયો. ( ૧૪વર્ષથી નીચેની કન્યા અને ૧૮ વર્ષથી નીચેની વયના પુરુષના લગ્નને ગુનો ગણવામાં આવતો.

⇨ ઈ.સ.૧૮૨૯માં રાજા રામમોહનરાયે ગર્વનર બૅન્ટિકના સમયગાળામાં સતીપ્રથા નાબુદ કરવાનો કાયદો બનાવ્યો.

⇨ ઈ.સ.૧૮૨૯ના હિન્દુ મેરેજ ઍક્ટ દ્વારા સ્ત્રી – પુરુષ બંનેને છુટાછેડા માટે સમાન અધિકાર અપાયો.

⇨ ઈ.સ.૧૯૪૬ના કાયદાથી ત્યક્તા સ્ત્રીને પતિ તરફથી ભરણ પોષણ મેળવવાનો અધિકાર મળ્યો.

⇨ ઈ.સ.૧૮૫૬માં વિધવા વિવાહને કાનૂની માન્યતા મળી.

⇨ ઈ.સ. ૧૮૫૬ માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા મહિલાઓની સ્થિતી સુધારવા માટે વિધવા પુનઃલગ્નને કાનૂની માન્યતા મળી

⇨ ઈ.સ. ૧૯૪૬ના કાયદાથી ત્યક્તા સ્ત્રીને પતી તરફથી ભરણપોષણ મેળવવાનો અધિકાર મળ્યો.

⇨ ઈ.સ. ૧૮૫૭માં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ અંગ્રજોની સામે બળવાનું નેતૃત્વ કર્યુ.

⇨ ગાંધીજીએ પણ પોતાની ચળવળમાં સ્ત્રી અને સમાજના નીચલા વર્ગના લોકોને સ્થાન આપીને લડતને સઘન બનાવવાનો પ્રયાસ કરેલ છે.

⇨ આ લડતથી સમગ્ર ભારતમાં સ્ત્રીઓ સક્રિય બની.---- સત્યાગ્હમાં, કૂચ કરવામાં, ઈ.સ. ૧૯૪૭માં દેશને આઝાદી મળી, ૧૯૫૦માં બંધારણ અસ્તિત્વમાં આવ્યું અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ થી ભારતીય સ્ત્રીઓ પુરુષ સમકક્ષ ગણવામાં આવી.

⇨ ઈ.સ. ૧૯૫૦માં બંધારણના આર્ટિકલ ૧૫ થી લિંગ આધારિત ભેદભાવ પ્રતિબંધ મૂકાયા. મતાધિકાર અને રાજકારણમાં ઉમેદવારી કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

⇨ ૨૦૦૧ ને મહીલા સશક્તીકરણ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું

⇨ ૯ માર્ચ , ૨૦૧૦ના દિવસે રાજ્ય સભા દ્વારા મહિલાઓને અનામત અધિકાર આપવામાં આવ્યો. જે અંતર્ગત સંસદ અને રાજ્ય સભામાં ૩૩ ટકા મહિલા અનામત આપવામાં આવી.